કાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
E-mail : info@kskvkachchhuniversity.org

ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સ: ૨૩૫૦૧૨
Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./E.C.-Minuits-6th July /૨૦૧૦/ ૧૪૩ થી ૧૫૩

તા. ૧૫/૦૮/'૧૦

પ્રતિ
તમામ E.C. મેમ્બર્શ્રી

**વિષય :** તારીખ તેરમી ઓગષ્ટ'૨૦૧૦નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયે યોજાયેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને **તારીખ** તેરમી ઓગષ્ટ'૨૦૧૦ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

B. S. Patel

કુલસચિવ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સવિનય રવાના : માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

Daxa - D:\Registrar Office\Meeting\Executive Council\2010-11\List of E.C.Members\Letter'10-11.doc

**એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયે તા.૧૩/૦૮/'૧૦નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે મળેલ સભાની મિનિટ્સ નોંધ :**

Krishna Verma Kutch University BHUJ-Kachchh 3700..1

આજ રોજ તા.૧૩/૦૮/'૧૦નાં સવારે ૧૧ :૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓને આવકારી પ્રથમ પદવીદાન સમારંભનાં આયોજન અને અમલીકરણમાં એક્ઝિક્યુટીવ કાઉન્સિલનો સહયોગ મળ્યો તે બદલ આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરીને આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ. એસ.જી. યાદવ.<br>કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| ડાયરેક્ટર ઓફ હાયર એજ્યુકેશન ,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર રાજર |
| ડાયરેક્ટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| શ્રી મુકેશભાઈ ઝવેરી,<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભૂજ. | હાજર |
| શ્રી અનિરૂદ્ધભાઈ દવે,<br>પ્રમુખશ્રી, માંડવી નગરપાલિકા. | હાજર |
| ડૉ. દર્શનાબેન સી.ધોળકિયા<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, | હાજર |
| ડૉ.બી.એસ.પટેલ,<br>પ્રોફેસર એન્ડ હેડ, શિક્ષણશાસ્ત્ર ભવન, | હાજર |
| ડૉ. તુષારભાઈ આર. હાથી<br>રીડર, અર્થશાસ્ત્ર ભવન, | હાજર |
| શ્રી મહેશભાઈ સી.આહિર.<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., કચ્છ. | હાજર |
| શ્રી શ્રવણસિંહ એસ. વાઘેલા.<br>ભુજ–કચ્છ. | હાજર |
| ડૉ.બી.એસ.પટેલ, મેમ્બર સેક્રેટરી<br>(આઈ.સી. કુલસચિવશ્રી, કચ્છ યુનિવર્સિટી) | હાજર |

**૧. ગત મિનિટ્સનું વાંચન અને બહાલી :**

- **ઠરાવ : ૧ :** ગત બે મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ અને સર્વાનુમતે મિનિટ્સ નોંધીને બહાલી આપવામાં આવેલ છે.

૨. **હાઈ પાવર સમિતિએ પદવીદાન સમારંભ કાર્યવાહી સંબંધે લીધેલ નિર્ણયને બહાલ રાખવા ચર્ચા વિચારણા અને નિર્ણય બાબત :**

પ્રથમ પદવીદાન સમારંભ'૧૦ના આયોજન સંબધે નીમાયેલ હાઈ પાવર કમિટિએ સદર કામગીરી અન્વયે લીધેલ નિર્ણયો તથા થયેલ ખર્ચ અંગેના રજૂ કરેલ હિસબોને બહાલ રાખવા થયેલ ચર્ચા વિચારણા અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૨ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, પ્રથમ પદવીદાન સમારંભ'૨૦૧૦ સંબંધે થયેલ કુલ ખર્ચને આથી બહાલી આપવામા આવે છે તે પૈકી ડોમ તથા ભોજન વ્યવસ્થા સંબંધે નિયત થયેલ જરૂરિયાતની માત્રાથી વધુની આવશ્યકતા ઉભી થતા કરાયેલ વધારાની વ્યવસ્થા અનુસંધાને થયેલ વધારાના ખર્ચને, જરૂરિયાતને અનુલક્ષીને આથી બહાલ રાખવામા આવે છે તેમજ પ્રથમ પદવીદાન સમારંભનાં સફળ અને સુનિયોજીત આયોજન અંગે કામગીરીની નોંધ લેવામા આવે છે.**

૩. **યુનિવર્સિટી કાર્યવિસ્તારમાં નવા અભ્યાસક્રમ શરૂ કરવા માટે સંબધિત સંસ્થાઓને ના વાંધા પ્રમાણપત્ર–N.O.C. આપવા માટેની ફીની રકમ નિયત કરવા ચર્ચા વિચારણા અને નિર્ણય બાબત :**

યુનિવર્સિટીનાં કાર્યવિસ્તારમાં વિવિધ અભ્યાસક્રમો શરૂ કરવા માટે અત્રે મળતી જોડાણ અરજીઓ અન્વયે સંબંધિત સંચાલક મંડળો તરફથી ના વાંધા પ્રમાણપત્ર -N.O.C. મેળવવા માટે રજૂઆત કરવામાં આવતી હોય છે જે અનુસંધાને ફીની રકમ નિયત કરવા ચર્ચા વિચારણા અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૩ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, નવા અભ્યાસક્રમોનુ જોડાણ મેળવવા માટે રજૂ થતી જોડાણ અરજીઓ સંબંધે જે સંચાલક મંડળો તેઓની જરૂરિયાત અન્વયે જો ના વાંધા પ્રમાણ પત્ર -N.O.C. યુનિવર્સિટી તરફથી મેળવવા ઈચ્છે તો, તેવા સંજોગોમા અભ્યાસક્રમ દીઠ રૂા. ૧,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પૂરા ફી વસૂલ કરવી તથા અન્ય ઠરાવ ન થાય ત્યા સુધી તેનુ અમલીકરણ શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી શરૂ થતા અભ્યાસક્રમો / કોલેજો સંબંધે કરવુ.**

૪. **જાહેર માહિતી અધિકાર તળે મળતી અરજીઓ –R.T.I. સંબંધે કાયદાકીય બાબતો અન્વયે કાનૂની માહિતી–માર્ગદર્શન કે સુજાવ લેવા માટે વકીલની પેનલની રચના કરવા ચર્ચા વિચારણા અને નિર્ણય બાબત :**

યુનિવર્સિટીને મળતી જાહેર માહિતી અધિકાર તળે –R.T.I.ની અરજીઓ સંબંધે કાયદાકીય બાબતો માટે કાનૂની માહિતી–માર્ગદર્શન કે સુજાવ મેળવવા માટે નિષ્ણાંત વકીલોની એક પેનલ તૈયાર કરવા સંબંધે થયેલ ચર્ચા વિચારણા અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૪ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, જાહેર માહિતી અધિકાર તળે મળતી અરજીઓ –R.T.I. સંબંધે આપવાની થતી માહિતી –વિગતો માટે કાનૂની માહિતી –માર્ગદર્શન મેળવવા માટે નિષ્ણાંત વકીલોની એક પેનલ તૈયાર કરવી .**

**૫. નાણાકીય હિસાબો સંબંધે આંતરિક ચકાસણી સમિતિ –Internal Audit માટે એક પેનલની રચના કરવા ચર્ચા વિચારણા અને નિર્ણય બાબત :**

યુનિવર્સિટીનાં નાણાકીય હિસાબોની આંતરિક ચકાસણી–Internal Audit માટે નિષ્ણાંતોની પેનલ તૈયાર કરવા થયેલ ચર્ચા વિચારણા અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૫ :</u>** **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના નાણાકીય હિસાબો સંબંધે આંતરિક ચકાસણી સમિતિ –Internal Audit માટે ચાર્ટડ એકાઉન્ટન્ટની એક પેનલની રચવા નામોની યાદી તૈયાર કરવી.**

**૬. યુનિવર્સિટી સંલગ્ન શેઠ એસ.વી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,માંડવી માટેની સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ બાબત :**

યુનિવર્સિટી સંલગ્ન શેઠ એસ.વી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,માંડવી માટે ગત તા.૧૬/૪/'૧૦ની બેઠકમાં થયેલ ઠરાવ ક્રમાંક : ૧૨ : મુજબ નિમવામાં આવેલ સ્થાનિક તપાસ સમિતિએ સંસ્થાની રૂબરૂ લીધેલ મુલાકાતના અહેવાલ બાબતે થયેલ ચર્ચા વિચારણા અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૬ :</u>** **આથી ઠરાવવામાં આવે છે કે, તારીખ ૧૭મી ઓગષ્ટ'૧૦નાં રોજ યોજાનાર એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠકમાં સંબંધિત કોલેજ દ્વારા પૂરી પાડવામાં આવેલ ફાઈલોનાં –વિગતોના આધારે અહેવાલ તૈયાર કરી રજૂ કરવો.**

**૭. કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત કોલેજો ખાતે નિયત ફીની રકમથી વધુ વસૂલાયેલ રકમ પરત કરવા સંબંધે ટ્રસ્ટીને કરાયેલ તાકીદ બાદ સંસ્થાએ રજૂ કરેલ અહેવાલ અંગે ચર્ચા વિચારણા અને નિર્ણય બાબત :**

કર્મનિકેતન ટ્રસ્ટ,ગાંધીધામ સંચાલિત બન્ને કોલેજો ખાતે નિયત ફીની રકમથી વધુ રકમ વસૂલ કરાયેલ જે સંબંધિતોને પરત કરવા માટે સૂચિત કર્યા બાદ થયેલ કાર્યવાહી છતાં બાકી રહેલાઓને સત્વરે ચૂકવવાપાત્ર રકમ ચૂકવવા માટે ગત તારીખ તા. ૦૬/૦૭/'૧૦નાં રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠકના ઠરાવ ક્રમાંક : ૦૬ : મુજબ પેટા સમિતિએ કરેલ કાર્યવાહી બાદ સંસ્થાએ હાથ ધરેલ કાર્યવાહી સંબંધે અત્રે રજૂ થયેલ અહેવાલની ચર્ચા વિચારણા અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૭ :</u>** **કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત કોલેજો ખાતે નિયત ફીની રકમથી વધુ વસૂલ કરાયેલ રકમ સંબંધિતોને પરત કરવા સૂચિત કર્યા બાદ થયેલ કાર્યવાહી છતા હજુ પણ બાકી રહેલાને ચૂકવવાપાત્ર રકમ સત્વરે ચૂકવવા ટ્રસ્ટીને તાકીદ કરવી તેવા નિર્ણય બાદ પેટા સમિતિએ કરેલ કાર્યવાહી અનુસંધાને સંસ્થા દ્વારા નિયત સમય માર્યદામાં બાકી રહી ગયેલ વિદ્યાર્થીઓને વધુ વસૂલાયેલ ફીની રકમ પરત લઈ જવા જાહેરખબર પ્રસિધ્ધ કરાયેલ અને તે અનુસંધાને ૧૪૧ વિદ્યાર્થીઓને વધુ વસૂલાયેલ ફીની રકમ પરત કરવામાં આવેલ આ અગાઉ ૮૬ વિદ્યાર્થીઓને વધુ વસૂલાયેલ ફીની રકમ ચૂકવાયેલ જે મળી કુલ ૨૨૭ વિદ્યાર્થીઓને વધુ વસૂલાયેલ ફીની રકમ પરત કરવામા આવેલ છે તેવા સંસ્થાના અહેવાલની સભા નોંધ લે છે.**

૮. યુનિવર્સિટી ખાતે ફરજ બજાવતા શૈક્ષણિક સ્ટાફની નિમણૂકને એક વર્ષનો સમયગાળો પૂર્ણ થતો લાબાંગાળાની નિમણૂક આપવા અંગે ચર્ચા વિચારણા અને નિર્ણય બાબત :

Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

યુનિવર્સિટી ખાતે ફરજ બજાવતા ડૉ.એચ.ડી.રાવૈયા –રીડર અંગ્રેજી ભવન અને ડૉ.જે.એન.ભટ્ટ –વ્યાખ્યાતા રસાયણશાસ્ત્ર ભવનની નિમણૂક થતા તેઓ અનુક્રમે તા. ૦૧/૦૭/'૦૯ અને તા. ૩૦/૦૬/'૦૯થી સંબંધિત ભવન ખાતે જોડાયા હતા અને તેઓએ એક વર્ષનો પ્રોબેશનનો સમયગાળો પૂર્ણ કરેલ હોય,તેમની નિમણૂકને લાબાગાળાની નિમણૂક ગણવા ચર્ચા વિચારણા અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ : ૮ : આથી ઠરાવવામાં આવે છે કે, સદર બન્ને ભવનોનાં અધ્યક્ષશ્રીઓ પાસેથી સંબંધિત શૈક્ષણિક સ્ટાફે તેઓનાં પ્રોબેશન સમયગાળા દરમ્યાન બજાવેલ ફરજો –સેવાઓ અન્વયે અહેવાલ મેળવી અને તે આધારે દરખાસ્ત રજૂ કરવી.

૯. અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ મુદ્દાઓ :

(૧) કુલસચિવની ખાલી પડેલ જગ્યા સત્વરે ભરવા યોગ્ય કાર્યવાહી હાથ ધરવા બાબતે શ્રી મુકેશભાઈ ઝવેરીએ કરેલ રજૂઆતને અન્ય ઉપસ્થિત સભ્યશ્રીઓના ટેકો મળતા નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો :

ઠરાવ : ૯ : આથી ઠરાવવામાં આવે છે કે,યુનિવર્સિટીની વહીવટી જગ્યાઓ પૈકી કુલસચિવની ખાલી રહેલ જગ્યા ભરવા માટે સત્વરે યોગ્ય કાર્યવાહી હાથ ધરવી.

(૨) યુનિવર્સિટી સ્ટેચ્યુટ્સ અને ઓર્ડિનન્સનાં ગુજરાતી ભાષાંતર બાબત :

ઠરાવ : ૧૦ : આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સ્ટેચ્યુટ્સ અને ઓર્ડિનન્સ કે જે અંગ્રેજી ભાષામાં હોવાના કારણે, તેની સરળ સમજ તમામ સંબંધિતોને મળી શકતી ન હોવાથી તેઓને જાણકારી અને સમજ મળી રહે તે હેતુથી અધિનિયમ અને હુકમોનું ગુજરાતીમાં ભાષાંતર નિષ્ણાંતની મદદ લઈને કરવું.

(૩) અધ્યક્ષશ્રી માનનીય કુલપતિશ્રીએ યુનિવર્સિટી કેમ્પસ પર હાલે ઉપલબ્ધ પીવાના પાણીની વ્યવસ્થા અન્વયે કરેલ રજૂઆત મુજબ, બહારથી બોટલો ખરીદીને ઉભી કરાયેલ વ્યવસ્થા વધતી જતી જરૂરિયાત સંદર્ભે ખર્ચાળ અને અપર્યાપત હોતાં થયેલ ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ : ૧૧ : આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ પર પીવાના પાણીની કાયમી વ્યવસ્થા ઉભી કરવા માટે શ્રી મુકેશભાઈ ઝવેરીનાં સહયોગથી નગરપાલિકા દ્વારા પાણીનું જોડાણ મેળવવા માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવી.

(૪) યુનિવર્સિટી ખાતે ફરજ બજાવતા તમામ અધ્યાપકોને મળવાપાત્ર રજાઓ બાબત થયેલ ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

ઠરાવ : ૧૨ : આથી ઠરાવવામાં આવે છે કે, જયાં સુધી યુનિવર્સિટી સ્ટેચ્યુટ્સ અને ઓર્ડિનન્સ સંપૂર્ણ પણે તૈયાર થઈ અમલીકરણમા ન આવે ત્યાં સુધી યુનિવર્સિટીનાં તમામ અધ્યાપકોને મળવાપાત્ર રજાઓ સંબંધે યુ.જી.સી.નાં નિયમોનો અમલ કરવો.

(૫) ગુજરાતી ભવનનાં અધ્યક્ષા ર્ડા. ડી.સી.ધોળકિયા દ્વારા, ગુજરાત સાહિત્ય અકાદમી અંર્તગત કચ્છી સાહિત્ય અકાદમી અને યુનિવર્સિટીના સયુંકત ઉપક્રમે આગામી સપ્ટેમ્બર'૧૦ના પ્રથમ સપ્તાહમાં એક દિવસીય સેમિનાર યોજવા સંબંધે રજૂ થયેલ દરખાસ્ત અને તે માટે થનાર અંદાજીત ખર્ચને બહાલ રાખવા માટે ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ : ૧૩ : આથી ઠરાવવામાં આવે છે કે, સૂચિત સેમિનારના આયોજન માટે રજૂ થયેલ દરખાસ્ત તથા તેના આયોજન માટે થનાર અંદાજીત ખર્ચ પેટે રૂા. ૨૫,૦૦૦/– એકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરાને સર્વાનુમતે બહાલ રાખવામા આવે છે.

(૬) પરિક્ષા નિયામકશ્રી જી.એમ.બુટાણી દ્વારા, જુદી જુદી યુનિવર્સિટીઓ ખાતે પરીક્ષા ફી સંબંધે વસુલ કરવામાં આવતી રકમનું તારીજ રજૂ કરાયેલ છે જે જોતા હાલે અત્રે જુદા જુદા અભ્યાસક્રમો અન્વયે જે રકમ વસૂલ કરવામાં આવી રહેલ છે તેમા વધારો કારવા સંબંધે ચર્ચા વિચારણા સંદર્ભે શ્રી મહેશભાઈ સી.આહિરનાં પરીક્ષા ફીની રકમમાં સૂચિત વધારા માટેના વિરોધ સાથે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ : ૧૪ : આથી ઠરાવવામાં આવે છે કે, અન્ય ઠરાવ ન થાય ત્યાં સુધી જુદા જુદા અભ્યાસ ક્રમો સંબંધે યુનિવર્સિટી પરીક્ષા ફીની રકમમાં વધારો કરવાની આવશ્યકતાને ધ્યાને લેતા રજૂ કરાયેલ સૂચિત વધારાને આથી બહાલ રાખવામાં આવે છે તથા તેનું અમલી કરણ શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧થી કરવાનુ રહેશે.

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

B. S. Patel
(ર્ડા. બી. એસ. પટેલ)
ઈન્ચાર્જ-કુલસચિવ
ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા
કચ્છ યુનિવર્સિટી, ભુજ-કચ્છ.